सत्यमेव जयते

# કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બાબતની સંકલિત સૂચનાઓ.

ક્રમાંકઃ-પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

ગુજરાત સરકાર

નાણા વિભાગ

બ્લોક નં. ૪/૫, સરદાર ભવન

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૦.૯.૨૦૧૫

**કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બાબતની સંકલિત સૂચનાઓ સંદર્ભે વંચાણે લીધેલ ઠરાવો/પરિપત્રો વિગેરેની યાદી.**

૧. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૯૪.

૨. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૯૮.

૩. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૨/૭૫/મ, તા.૧/૫/૨૦૦૨.

૪. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૪/૮૨/મ, તા.૧/૪/૨૦૦૪.

૫. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૪/૮૩/મ, તા.૫/૪/૨૦૦૪.

૬. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:એસએનઆર/૧૦૨૦૦૪/યુઓ-૨૦૧૪/ગ.૨, તા.૧૫/૭/૨૦૦૪.

૭. નાણા વિભાગના ઠરાવ ક્ર:નપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦/પી, તા.૧૮/૩/૨૦૦૫.

૮. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૫/૯૦/મ, તા.૩૧/૩/૨૦૦૫.

૯ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્ર:ખતપ/૧૦૦૪/૧૪૭૩/ક, તા.૧૭/૨/૨૦૦૬.

૧૦. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨, તા.૨૩/૦૫/૨૦૦૬.

૧૧. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭.

૧૨. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ, તા.૧૪/૯/૨૦૦૭.

૧૩. નાણા વિભાગના પત્ર ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ , (ભાગ-૧), તા.૩૧/૩/ ૨૦૦૮.

૧૪. નાણા વિભાગના પરિપત્ર ક્ર:પગર/૧૦૨૦૦૮/૧/મ, તા.૧૨/૮/૨૦૦૮.

૧૫. નાણા વિભાગના પરિપત્ર ક્ર:પગર/૧૦૦૯/૮૦/મ, તા.૧૨/૮/૨૦૦૯.

૧૬. નાણા વિભાગના પરિપત્ર ક્ર:પગર/૧૦૦૯/૮૦/મ, તા.૩/૧૨/૨૦૦૯.

૧૭. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૦૯/૫૬-પ.એ./મ, તા.૧૮/૨/૨૦૧૧.

૧૮. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૨/૪૩૫૩૮૭/મ, તા.૩/૧૦/૨૦૧૨.

૧૯. નાણા વિભાગના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૦/૭૯૦૬૨૭/મ, તા.૧૩/૫/૨૦૧૩.

## કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બાબતની સંકલિત સૂચનાઓ

**૧.** તા.૨.૭.૨૦૦૭ના ઠરાવથી દાખલ કરવામાં આવેલ ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગેની **યોજના કોને લાગુ પડશે :-**

(૧) જે જગ્યાનો પગાર અથવા પગાર માળખાનો મહત્તમ તબકકો (રૂ.૩૪,૮૦૦ વત્તા ૪૬૦૦) માસિક રૂ.૩૯,૪૦૦/- કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર માળખું રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ના પગાર માળખાથી વધશે નહિં. આ પગાર માળખું રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર માળખું રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે વાળું હોય કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. રૂ.૬૫૦૦-૧૦૫૦૦ પગાર ધોરણનું સુધારેલ પગાર માળખું રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યા કે જેની બઢતીની જગ્યાનું પગાર ધોરણ સુધાર્યા પૂર્વનું રૂ.૮૦૦૦-૧૩૫૦૦, રૂ.૮૦૦૦-૧૪૦૫૦ અને રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ પગાર ધોરણ છે તે જો વર્ગ-૨ ની જગ્યાનું હોય તો વધુમાં વધુ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે અને જો આવી જગ્યા વર્ગ-૧ની હોય તો રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે. રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે.

(૩) આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તા.૫/૭/૯૧ના રોજ રાજ્ય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને લાગુ પડશે.

તે ઉપરાંત આવા ઉપર જણાવેલા કર્મચારીઓ, કે જેઓને નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્ર:નપન/૨૦૦૩/૧૦/પી, થી અમલમાં આવેલ વર્ધિત પેન્શન લાગુ પડે છે તેઓને ઉચ્ચતર પગાર ધોરણની આ યોજના લાગુ પડશે.

(૪) આ યોજનાનો લાભ પંચાયત કર્મચારીઓ અને પંચાયતમાં પ્રતિનિયુકિત ઉપર અથવા તબદીલ થઇને આવેલા કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ, સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણાશે.

(૫) આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓ (WORKCHARGE ESTABLISHMENT)ને લાગુ **નહિ** પડે.

(૬) શિક્ષકોને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ, તા.૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૨૦ અને 31 વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું તે ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

## ૨. ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટેના ધોરણો :-

(૧) માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવી અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર ધોરણમાં કરેલી સેવા આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) જે કર્મચારી એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં તા.૨.૭.૨૦૦૭ના હુકમોની રવાનગીની તારીખના રોજ કે ત્યારબાદ નિયમિત સેવાના ૧૨ વર્ષ પૂરા કરે અને ૧૨ ઈજાફા મેળવે તેને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

**પરંતુ,** ૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે કર્મચારીને એક કરતા વધુ બઢતી મળેલી હોવી **ન** જોઇએ.

(૩) બીજું ૨૪માં વર્ષેનું ઉચ્ચતર પગાર ધોરણ પહેલુ ઉચ્ચતર ધોરણ મળ્યાની તારીખથી બીજા ૧૨ વર્ષે મળવાપાત્ર થશે.

**પરંતુ,** તે અગાઉ કર્મચારીએ એક કરતા વધુ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોવા જોઇએ **નહીં.**

(૪) નાણા વિભાગના તા.૨.૭.૨૦૦૭ના ઠરાવની રવાનગીની તારીખ પહેલા ૯ વર્ષની સેવા પૂર્ણ કરેલ કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ના ઠરાવ ક્રમાંક/પગર/૧૧૯૪/૪૪/મ અન્વયે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૫) નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ તેમજ તા.૧/૪/૨૦૦૪ના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૪/૮૨/મ ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે કર્મચારીને ૯ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળી ગયેલ હશે તેને તા.૨.૭.૨૦૦૭ના ઠરાવ હેઠળ બીજું ઉચ્ચતર પગાર ધોરણ ૯ વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની તારીખના ૧૫ વર્ષ બાદ એટલે કે ૨૪ વર્ષે મળવાપાત્ર થશે.

(૬) તા.૨.૭.૨૦૦૭ના હુકમોની રવાનગીના રોજ અને ત્યારબાદથી ૯ વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઇઓ હેઠળ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૧૨ વર્ષે મળવાપાત્ર થશે. આ બાબતે વિકલ્પ આપવાની કોઇ જોગવાઇ કરવામાં આવતી નથી.

(૭) ત્રૂટક ત્રૂટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે; પરંતુ ઉપલા સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણની ગણતરી માટે આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

(૮) તા.૧/૭/૨૦૦૭ સુધી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૪-મ, તા.૧૬/૮/૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૧૮ અને ૨૭ વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

તા.૨/૭/૨૦૦૭થી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા.૨/૭/૨૦૦૭ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૧૨ અને ૨૪ વર્ષે પ્રથમ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

**૩. બઢતીની પરીક્ષા તથા કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરવા અંગેઃ-**

(૧) બઢતીના હેતુ માટેની ખાતાકીય પરીક્ષા કર્મચારી પોતાના સંવર્ગમાં **૧૨** વર્ષ પૂરા કર્યા બાદ પાસ કરે તે કિસ્સામાં આવી પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

(૨) દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણના કિસ્સામાં; જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટેની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે; **પરંતુ**

ખાતાકીય પરીક્ષા પાસ કર્યા સિવાયના જે કર્મચારીઓને ૨૪ વર્ષે બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હશે તેઓને ખાતાના વડાની કચેરીઓ તેમજ વહીવટી વિભાગો બનતી ત્વરાએ ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલી તેઓની ખાતાકીય પરીક્ષા લેવાની વ્યવસ્થા ગોઠવશે. આવા કર્મચારીઓએ ખાતાના વડાની કચેરી કે વહીવટી વિભાગ દ્વારા ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરાયા બાદ તુર્ત જ યોજાનાર ખાતાકીય પરીક્ષા(ઓ)માં ફરજીયાત ઉપસ્થિત રહી, સંબંધિત ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ તકોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે અને આવી નિયત તકો, સંબંધિત કર્મચારીએ **૨૪** વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા બાદ તુર્ત જ લેવાનારી ક્રમિક ખાતાકીય પરીક્ષાઓમાં અનિવાર્યપણે ઉપસ્થિત થઈને પસાર કરવાની રહેશે.

(૩) ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવેલ આવા કર્મચારી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત તકોમાં પાસ ન કરે ત્યારે તેને તેના મૂળ સંવર્ગના એટલે નીચેની જગ્યાના પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ ન મળ્યો હોત તો, નીચલા પગાર ધોરણમાં મળતો હોત તે મૂળ પગાર મળવાપાત્ર થશે. આમ છતાં નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવાને કારણે સંબંધિત કર્મચારીએ તેને મળવાપાત્ર નિયત તક જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હશે તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

(૪) કર્મચારીને ૨૪ વર્ષ સુધીમાં એકપણ બઢતી મળેલ ન હોય ત્યારે, ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણની વિચારણા કરતી વખતે, પાત્રતાની તારીખે કર્મચારી જે સંવર્ગમાં હોય તે સંવર્ગની હોય તે એકંદર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે. **ઉદાહરણ તરીકેઃ–**

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી મળ્યા વિના સેવામાં ૨૪ વર્ષ પૂર્ણ થતાં સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાયબ સેકશન અધિકારી તરીકે કામગીરી તેમજ તે જગ્યાના ખાનગી અહેવાલ ધ્યાને લેવાને બદલે સામાન્ય ફરજ કારકુનની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યા ઉપરના ખાનગી અહેવાલો જોવાના રહેશે.

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને, નાયબ સેકશન અધિકારીની જગ્યામાં બઢતી મળેલ હોય તથા ૨૪ વર્ષે સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું હોય, તો તે માટે નાયબ સેકશન અધિકારીની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યાના ખાનગી અહેવાલ જોવાના રહેશે તથા તેમાં ખૂટતી કામગીરી અને ખાનગી અહેવાલ માટે સામાન્ય ફરજ કારકુનની જગ્યાની કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

(૫) ૧૨ કે ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્ર કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત કર્મચારીએ લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરેલી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાની મૂળ તારીખથી મંજુર કરી શકાશે; જો તેણે લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર ન કરેલ હોય તો સામાન્ય વહીવટ વિભાગની કોમ્પ્યુટર પરીક્ષા અંગેની પ્રવર્તમાન સૂચનાઓને સુસંગત રહીને કામગીરી કરવાની રહેશે.

(૬) વિભાગો દ્વારા નિયમિત રીતે ખાતાકીય પરીક્ષાઓ યોજી શકાય તે માટે વિભાગોએ ખાતાકીય પરીક્ષાના નિયમો તૈયાર કરેલા હોવા જોઇશે. જો કોઇ વિભાગ દ્વારા બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ અંગેના નિયમો બનાવેલ ન હોય અથવા તો તે અપૂરતા હોય તો તે અંગેની કાર્યવાહી તા.૧૨.૮.૨૦૦૮નો ઠરાવ રવાના થયા તારીખથી **૬(છ)** મહિનામાં પૂર્ણ કરવાની રહેશે.

## ૪. સ્વૈચ્છિક નિવૃત્તિઃ–

(૧) ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ કર્મચારીએ બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાંકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ–૨૮ની જોગવાઇ આ પ્રકારના કેસોમાં લાગુ પડશે નહીં. સંબંધિત કર્મચારીએ આ સાથે રાખેલ અનુસૂચિ–૫ મુજબની બાંહેધરી આપવાની રહેશે.

## ૫. ઇજાફાની ગણતરીઃ-

(૧) બિનપગારી રજાનો સમય ઇજાફા પાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.

(૨) અગ્રીમ ઇજાફા અને ખાસ ઇજાફાને ૧૨ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં.

## ૬. સેવાની ગણતરીઃ-

(૧) એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે નહીં.

(૨) અનુમાનિત તારીખ (DEEMED DATE) આ યોજના હેઠળ ૧૨ અને ૨૪ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લઇ શકાશે. જ્યારે પુર્નનિર્ધારિત તારીખ (RE-ADJUSTMENT DATE) આ માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.

(૩) ખાતા/કચેરીઓમાં જગ્યાઓ બંધ થવાથી ફાજલ (SURPLUS) થયેલ કર્મચારીની અગાઉના ખાતા/કચેરીની સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

## ૭. ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તા તથા તેના માપદંડઃ-

(૧) ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે.

(૨) કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત થયેલ પરીક્ષાઓ પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઇએ.

(૩) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે.

(૪) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.

## ૮. ફરજમોકુફીઃ-

(૧) કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખે ફરજમોકુફી હેઠળ હોય અથવા તેને શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા નિયમ-૧૦ હેઠળ આક્ષેપપત્ર આપવામાં આવેલ હોય તો ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહિ. ભવિષ્યની અસર સાથે કે અસર સિવાય ઈજાફો અટકાવવામાં આવેલ હોય તો ૧૨ ઈજાફા પૂર્ણ થયે ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના આધારે મંજુર કરી શકાશે. ખાતાકીય તપાસ, ફરજમોકુફી તેમજ ફોજદારી કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાણા વિભાગના તા.૧૫/૯/૨૦૧૫ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૧૨/૫૬૭૭૨૯/મ, માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

## ૯. એકાકી સંવર્ગઃ-

(૧) એકાકી સંવર્ગ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નાણા વિભાગના તા.૫/૪/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૪/૮૩/મ, માં કરાયેલ જોગવાઇ અનુસાર, જે એકાકી સંવર્ગને વર્ગ-૨નું રૂ.૯૩૦૦-૩૪૮૦૦ વત્તા રૂ. ૪૬૦૦(ગ્રેડ પે )નું કે તેથી ઉપરનું પગાર ધોરણ, ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજુર કરવાનું થાય ત્યારે પાત્રતા ધરાવતા કેસોમાં સંબંધિત વહીવટી વિભાગ કક્ષાએ નિર્ણય કરી તે મંજુર કરવાનું રહેશે. જયારે તેનાથી નીચેના પગાર ધોરણ માટે નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્રતા ધરાવતા કેસોમાં ઉચ્ચતર પગાર ધોરણ અંગે નિર્ણય કરી મંજુર કરવા સક્ષમ ગણાશે.

(૨) જે જગ્યા એકાંકી હોય અને આ સાથેની અનુસૂચિ-૧ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૮૭ પછી અમલમાં આવી હોય તો આવી બધી જગ્યાઓને અનુસૂચિ-૧ મુજબનું જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું થશે અને ખરેખર બઢતીની તારીખથી જ બઢતીની જગ્યાનું પગાર ધોરણ મળવાપાત્ર થશે.

## ૧૦. બઢતીના માળખામાં ફેરફારઃ-

(૧) જે જગ્યાના બઢતીના માળખામાં તા.૧/૬/૮૭ પછી ફેરફાર કરવામાં આવેલો હોય તેવા કિસ્સામાં ફેરફાર પહેલા બઢતીની જે જગ્યાનું પગાર ધોરણ મળતું હતું તે ઉચ્ચતર પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. ફેરફાર પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ કર્મચારીને જ્યારે ખરેખર બઢતી મળે ત્યારે જ મળશે.

## ૧૧. નવી સેવામાં ઉચ્ચતર પગાર ધોરણ.

(૧) સીધી ભરતીથી જોડાયેલ કર્મચારી જુની સેવામાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મેળવીને નવી સેવામાં આવે તે કિસ્સામાં નાણા વિભાગના તા.૧/૫/૨૦૦૨ના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૨/૭૫/મ માં કરાયેલ જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

**૧૨. વર્ગ–૪ના કિસ્સામાં ઉચ્ચતર પગાર ધોરણઃ–**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૨૩/૦૫/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨ બાદ વર્ગ–૪ના સંવર્ગમાં જે કર્મચારીઓની ભરતી થાય, ત્યારબાદ તેઓનું નિયમિત પગાર ધોરણ રૂ.૪૪૪૦–૭૪૪૦નું પે બેન્ડ વત્તા રૂ.૧૩૦૦ ગ્રેડ પે થયા બાદ તેઓને પાત્રતા અનુસાર ૧૨ વર્ષના અંતે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૪૪૪૦–૭૪૪૦નું પે બેન્ડ વત્તા રૂ.૧૪૦૦ ગ્રેડ પે મળશે. બીજું ૨૪મા વર્ષનું ઉચ્ચતર પગાર ધોરણ પહેલુ ઉચ્ચતર પગાર ધોરણ મળ્યાની તારીખથી ૧૨ વર્ષ બાદ રૂ.૪૪૪૦–૭૪૪૦નું પે બેન્ડ વત્તા રૂ.૧૬૫૦ ગ્રેડ પે મળવાપાત્ર થશે.

વર્ગ–૪નું આ ઉચ્ચતર પગાર ધોરણ આ સૂચનાઓની સામાન્ય સૂચનાઓની ક્રમ–૧૭ સામેની સામાન્ય સૂચનાઓની સૂચના–૧ની જોગવાઇમાં અપવાદ ગણાશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૨૩/૦૫/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨, પહેલા નિમાયેલા જુના વર્ગ–૪ના કર્મચારીઓને આ તા.૨.૭.૨૦૦૭ના ઠરાવના ફકરા–૨(૪) (અ)(બ)(ક)ની જોગવાઇઓ અનુસાર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે રૂ.૨૬૧૦–૩૫૪૦ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ તરીકે રૂ.૨૬૫૦–૪૦૦૦ મળવાપાત્ર થશે.

**૧૩. બઢતીનો અસ્વીકારઃ–**

(૧) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કમચારીએ આ સાથેની અનુસૂચિ–૨ અનુસાર લેખિત બાંહેધરી આપવાની રહેશે કે જ્યારે તેને બઢતી મળશે ત્યારે તેનો તે અસ્વીકાર કરશે નહિં. આ યોજનાનો હાર્દ બઢતીના અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઇ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહિં.

ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી બઢતી મળવાના પ્રસંગે કોઇપણ કારણસર બઢતીનો અસ્વીકાર કરશે, તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર તે મેળવશે.

આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હટાવવાના કારણે કર્મચારીએ બઢતીના હુકમની તારીખ સુધીના સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

**૧૪. પગાર બાંધણીઃ–**

(૧) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં નિમણૂંક થયેથી કર્મચારીની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તે જ રીતે ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ–૧૨ની જોગવાઇ હેઠળ વિકલ્પ આપી શકાશે અને વિકલ્પની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના ધોરણે મળવાપાત્ર થશે.

(૨) ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી કર્મચારી બઢતી મેળવે તો તે પુન: ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો,૨૦૦૨ ના નિયમ–૧૧(૧) અનુસાર બાંધણીનો લાભ મેળવી શકશે નહિં.

પરંતુ, બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ કરતા ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી ગુજરાત રાજ્ય મુલ્કી સેવા(પગાર) નિયમો,૨૦૦૨ના નિયમ–૧૧(૧) અનુસાર કરવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ નક્કી થયેલ પગાર બાંધણીની ચકાસણી સંબંધકર્તા ઓડીટ તંત્ર દ્વારા કરાવવાની થશે, એટલે કે,

- પગાર અને હિસાબી કચેરી મારફતે પગાર મેળવતા કર્મચારીઓના કિસ્સામાં પગાર અને હિસાબી કચેરી દ્વારા આખરી થશે.
- જીલ્લા કક્ષાએ સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા ચકાસણી કરવાની થશે.
- અનુદાન મેળવતી સંસ્થાના કિસ્સામાં પગાર બાંધણીની ચકાસણી સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી દ્વારા થશે.

(૪) ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરતા સમયે કર્મચારીને, ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૦૯ના નિયમ–૧૩ પ્રમાણે પગાર બાંધણી કરવાની રહેશે. આ મુજબ, તા.૧ લી જાન્યુઆરી, ૨૦૦૬ કે ત્યારબાદ ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે. પગારની લેણી થતી રકમની ચુકવણી ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૦૯ ના નિયમ–૧૬ મુજબ કરવાની રહેશે.

## ૧૫. જે સંવર્ગનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તે સિવાયના અન્ય સંવર્ગમા બઢતી મળે તેવા કિસ્સામાં દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણઃ–

કર્મચારીને સેવામાં મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ અને દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખ વચ્ચેના સમયગાળા દરમ્યાન જે સંવર્ગનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ હોય તે જ સંવર્ગમાં બઢતી મળવાને બદલે વિશેષ શૈક્ષણિક લાયકાતને કારણે અન્ય સંવર્ગમાં બઢતી મળી હોય અને તેને કારણે કર્મચારીને સમગ્ર સેવા દરમ્યાન દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું ન હોય તેવાં સંજોગોમાં, બઢતીની તારીખથી ૧૫ વર્ષની સેવા પૂરી થયેથી, બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પુટર કૌશલ્યની પરીક્ષા પાસ હોવાની શરતે તથા ઉચ્ચતર પગાર ધોરણની અન્ય તમામ શરતો સંતોષાતી હોવાની શરતે દ્વિતીય ઉચ્ચતર પગાર મંજુર કરવાની વિચારણા કરવાની થશે.

## ૧૬. આંતર જિલ્લા ખાતા ફેર બદલીઃ–

આંતરિક જિલ્લા/ખાતામાં ફેરબદલી કરવામાં આવતાં તેવા કર્મચારીઓ જે જિલ્લા/ખાતામાં નિમણૂંક પામે છે ત્યાં તેઓની પ્રવરતા જે તે કેડરમાં અંતિમ સ્થાને નક્કી કરવામાં આવે છે. જ્યારે કોઈપણ કર્મચારીની બદલી એક જિલ્લા/ખાતામાંથી બીજા જિલ્લા/ખાતામાં કોઈપણ કારણોસર એટલે કે વહીવટી/સ્વવિનંતીથી/અરસ–પરસ માંગણીથી થયેલ હોય અને જિલ્લા/ખાતા ફેરબદલી થતાં જો

તેમનું પગાર ધોરણ અને સંવર્ગ બદલાતા ન હોય અને સેવામાં કોઇપણ પ્રકારની તુટ ન હોય તો આવી અગાઉના જિલ્લા/ખાતાની સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે.

પરંતુ આમ થવાના કારણે એવુ બને કે ફેરબદલીવાળા જિલ્લામાં/ખાતામાં આવા કર્મચારીની પ્રવરતા નીચે જાય પરિણામે બીજા જિલ્લા/ખાતામાં કામ કરતાં અન્ય પ્રવર કર્મચારીઓ કરતાં બદલીવાળા કર્મચારીનો પગાર વધુ થાય, પરંતુ નિયમોની જોગવાઇમાં છુટછાટ મુકીને ખાસ કિસ્સા (SPECIAL RELAXATIONS) તરીકે આવા બદલીવાળા કર્મચારીને લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઇ તે માટે અન્ય પ્રવર કર્મચારી પગારમાં સ્ટેપીંગ અપ (STEPPING UP) માંગી શકશે નહીં.

**૧૭. <u>સામાન્ય:-</u>**

(૧) ઉચ્ચતર પગાર ધોરણ એટલે કે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ; પરંતુ આવી બઢતીની જગ્યા જુદા જુદા પગાર ધોરણની એકથી વધુ પ્રકારની હોય તો તેની પૂરક (ફીડર કેડર) જગ્યા ઉપરના કર્મચારીઓ માટે તેમને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણનો પગાર, આવી વિવિધ બઢતીની જગ્યાઓ પૈકીની સૌથી નીચલું પગાર ધોરણ ધરાવતી જગ્યાનો પગાર ગણાશે.

પરંતુ, બઢતીનું કોઇ પગાર ધોરણ ન હોય એવા કેસમાં કર્મચારીના હાલના પગાર ધોરણને મળતું આવતું આ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

વિશેષમાં, જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે બઢતીના પગાર ધોરણને બદલે, કર્મચારીના પ્રવર્તમાન પગાર ધોરણ સાથે મળતું આવતું આ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

(૨) ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી કરતા પહેલા સંબંધિત કર્મચારી પાસેથી આ સાથેની અનુસૂચિ-૩ મુજબનું બાંહેધરી ખત ખાતા/કચેરી વડાએ મેળવવાનું રહેશે.

(૩) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થતા કચેરીમાં મંજુર થયેલ જગ્યાના સંખ્યાબળમાં વધારો કરી શકાશે નહીં.

(૪) આ પરિપત્રના અર્થઘટનના પ્રસંગે વંચાણે લીધેલ સંબંધિત ઠરાવ/પરિપત્ર/પત્રની મૂળ સૂચનાઓ આખરી ગણાશે તથા નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે. નાણા વિભાગના પૂર્વ પરામર્શ સમયે આ સાથે સામેલ રાખેલ અનુસૂચિ-૬ મુજબના ચેકલીસ્ટમાં દરખાસ્ત કરવાની રહેશે.

====================00000000000000000000====================

**(શૈલેષ વિ.પરમાર)**
**ઉપસચિવ, નાણા વિભાગ.**
**સચિવાલય, ગાંધીનગર.**

ક્રમાંકઃ- પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ.

અનુસૂચિ-૧

( જુઓ સૂચનાઓના ફકરા નં.૧૭(૧) તથા ફકરા નં.૯(૨) )

| ક્રમ | તા.૧-૧-૨૦૦૬થી સુધારેલ પગાર માળખું (રૂ.) | | તા.૧-૧-૨૦૦૬થી સુધારેલ માળખા સામે મળવાપાત્ર ઉચ્ચતર પગારનું માળખું (રૂ.) | |
|---|---|---|---|---|
| | પે બેન્ડ | ગ્રેડ પે | પે બેન્ડ | ગ્રેડ પે |
| ૧ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ |
| ૨ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ |
| ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| ૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૫ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૬ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૭ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૮ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૯ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ |
| ૧૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૧૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ |

ક્રમાંક:પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

અનુસૂચિ-૨

બાંહેધરીનું ફોર્મ

[જુઓ સુચનાનો ફકરો-૩(૩) અને ફકરો-૧૩]

પ્રતિ,

.................................................

....................................................

....................................................

હું .................................................. કચેરીમાં ..................................................ખાતે ................................ તરીકે નોકરી કરૂં છું.

મે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, અન્વયે "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" ની જોગવાઇ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉં છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મને જેમ અને જ્યારે બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો અસ્વીકાર કરીશ નહીં. મને જ્યારે બઢતી મળવાપાત્ર થાય ત્યારે કોઇ કારણસર તેનો અસ્વીકાર કરૂં તો હું "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" હેઠળ મળતા લાભ જતા કરીશ અને મૂળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" નો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ:- ..........................

તારીખ:- ........................

કર્મચારીની સહી ..........................

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

ક્રમાંક:પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

## અનુસૂચિ-3

બાંહેધરી ખત

[ જુઓ સુચનાનો ફકરા-૧૭ (૨)]

આથી હું કબૂલ કરું છું કે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, અન્વયે "૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના" હેઠળની પગાર બાંધણીથી મને ચૂકવવામાં આવેલ વધારાની રકમ સરકારમાં ચાલતી આવેલ પધ્ધતિ પ્રમાણે રાબેતા મુજબ વસુલ કરવાની રહેશે.

સ્થળ:- ..........................

તારીખ:- ........................

કર્મચારીની સહી ..........................

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

ક્રમાંક:પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

## અનુસૂચિ-૪

બાંહેધરીનું ફોર્મ

[જુઓ સુચનાનો ફકરો-૩(૨), ૩(૫) અને ફકરા ૪]

પ્રતિ,

..................................................

....................................................

....................................................

હું ................................................ કચેરી/વિભાગમાં ..................................................ખાતે ................................. તરીકે નોકરી કરૂં છું.

મે નાણા વિભાગના તા.૧૪/૯/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ, અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની જોગવાઇ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉ છું. વધુમાં, આથી બાંહેધરી આપું છું કે, મને કચેરી/વિભાગ દ્વારા યોજાનાર બઢતી માટેની ક્રમિક ખાતાકીય પરીક્ષા માટે મોકલવામાં આવશે ત્યારે અચૂકપણે ઉપસ્થિત રહી, ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલ નિયત તકમાં પરીક્ષા પાસ કરીશ વધુમાં, મને લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા સામાન્ય વહીવટ વિભાગની કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અંગેની પ્રવર્તમાન સુચનાઓ મુજબ આવી પરીક્ષા હું પાસ નહી કરૂં તો આ યોજના હેઠળ મને મંજુર કરવામાં આવેલ ૨૪ વર્ષના બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ અને મૂળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ:- ...........................

તારીખ:- ........................

કર્મચારીની સહી ...........................

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

ક્રમાંક:પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

## અનુસૂચિ-૫

બાંહેધરી ખત

[જુઓ સુચનાનો ફકરા-૪]

આથી હું કબૂલ કરું છું કે નાણા વિભાગના ૧૪/૯/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ, અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે ત્યારે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકીશ નહીં અને આવી સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકીશ તો મને મળેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ તેમજ ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણમાં મૂકવા અને તે અન્વયે મળવાપાત્ર પગાર મેળવવા અંગેની સંમતિ આપુ છુ.

સ્થળ:- ...........................

તારીખ:- ........................

કર્મચારીની સહી ...........................

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મમાં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ

## અનુસૂચિ - ૬

ચેકલિસ્ટ

ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગેની દરખાસ્ત કરતી વખતે રજુ કરવાની માહિતી દર્શાવતું પત્રક

| | | |
|---|---|---|
| (૧) | કર્મચારીનું નામ | |
| (૨) | કચેરીનું નામ/ મૂળ નિમણુંકનો હોદ્દો અને તારીખ | |
| (3) | હાલનું પગાર ધોરણ | |
| (૪) | નિયત પૂર્વ સેવા તાલીમની તારીખ અને પરીક્ષા પાસ કર્યા તારીખ અને ભોગવેલ તકની વિગત. | |
| (૫) | અન્ય ખાતા /જિલ્લામાંથી બદલીથી આવેલ હોયતો તેની વિગત | |
| (૬) | બઢતી મળ્યાની તારીખ અને હોદ્દો અને પગાર ધોરણ (કાર્યાલય આદેશની નકલ સાહિત) ની વિગત | |
| (૭) | (૭) જગ્યા એકાંકી છે કે કેમ? તા. ૧-૬-૮૭ ન રોજ એકાકી જગ્યા હતી કે કેમ?( તા. ૧-૬-૮૭ ના રોજ અમલમાં હોય તે તથા અત્યાર સુધીની તમામ ભરતી નિયમો) | |
| (૮) | મૂળ નિમણુંક/બઢતીની જગ્યાના ભરતી નિયમોની નકલો | |
| (૯) | બઢતીના માળખામાં દર્શાવેલ તમામ જગ્યાના ભરતી નિયમો | |
| (૧૦) | બઢતીની જગ્યામાં કેટલી પુરક જગ્યાઓ છે. | |
| (૧૨) | પૂરક જગ્યાના પગાર ધોરણ | |
| (૧૩) | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની સંપૂર્ણ વિગત | |
| (૧૪) | બઢતીનું મળખું અને તેના પગાર ધોરણની વિગત | |
| (૧૫) | બઢતીની કઈ જગ્યાનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું છે. તેની વિગત(જગ્યાનુ નામ અને પગાર ધોરણ ) | |
| (૧૬) | ફાજલ થઈ પુનઃ નોકરીમાં સમાવેશ થયેલ હોય તો તેની વિગત. | |
| (૧૭) | નિયત બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૧૮) | કોઈ કોર્ટ કેસ થયેલ હોય તો તેની વિગત(આદેશના હુકમ સહિત) | |
| (૧૯) | બઢતી માટે સીસીસી/સીસીસી+ પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૨૦) | લાગુ પડતી હિન્દી પરીક્ષા પાસ કર્યાની વિગત | |
| (૨૧) | પ્રથમ ઉચ્ચતર મંજુર કરેલ હોય તો તેની વિગત( આદેશની નકલ સહિત) | |
| (૨૨) | તા. ૧૮-૨-૨૦૧૧ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચતર પગાર તથા તા. ૨-૭-૨૦૦૭ ના ઠરાવ મુજબ દ્વિતીય ઉચ્ચતરપગાર ધોરણ મળવાપાત્રની તારીખ અને ઈજાફાની તારીખ. | |
| (૨૩) | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ કઈ જગ્યાનું મંજુર કરવાનુ છે તેની વિગત(ભરતી નિયમોની નકલ સહિત) | |
| (૨૪) | સેવાતૂટ સળંગ ગણેલ હોય તો થયેલ હુકમની નકલ સહિતની વિગત | |
| (૨૫) | નાણા વિભાગના ઠરાવના કયા મુદ્દા અંગે માર્ગદર્શન ની જરુર છે તેની વિગત વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય | |
| (૨૬) | વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય | |

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

૦- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

૦- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

૦- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો

( ખાતાના વડાઓ/કચેરીના વડાઓ ને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )

૦ - એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ

૦ - એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ

- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર

- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર

- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર

- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,

- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ

- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ

- સર્વ માન્ય કર્મચારી મંડળો,

- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારુ.

- સીલેકટ ફાઈલ- મ શાખા

---------------------

૦ પત્ર દ્વારા